# ગુજરાત રાજ્ય મહિલા આયોગ

મહિલાઓના બંધારણીય અને કાનૂની હકકોના રક્ષણ માટે ગુજરાત રાજ્ય મહિલા આયોગ અધિનિયમ-૨૦૦૨ અંતર્ગત વર્ષ ૨૦૦૫માં ગુજરાત રાજ્ય મહિલા આયોગની રચના કરવામાં આવેલ છે. તેનો આશય મહિલાઓના આર્થિક, સામાજિક, શૈક્ષિણક વિકાસ સાથે તેઓની અધિકારીતાને પ્રોત્સાહન આપવાનો છે.

**આયોગનાં કાર્યો :**

- ભારતીય સંવિધાન અને મહિલાલક્ષી કાયદાઓની મહિલા સંબંધિત જોગવાઈઓનું પુનર્વલોકન કરી સુધારાની તેમ જ સલામતીના અસરકારક અમલીકરણ માટે રાજ્ય સરકારને ભલામણ કરવી
- મહિલાઓલક્ષી ફરિયાદો અને ગુનાઓની ચકાસણી કરવી અને દેખરેખ રાખવી
- મહિલાઓ પ્રત્યેના ભેદભાવો / અત્યાચાર દૂર કરવા માટેના વ્યૂહોની ભલામણ કરવી
- મહિલાઓના વિકાસના હેતુ માટે પ્રોત્સાહક અને શૈક્ષિણક સંશોધન હાથ ધરવા
- મહિલા સંસ્થાઓ, જેલ, રીમાન્ડ હોમ, નારી સંરક્ષણ કેન્દ્રો વગેરેની તપાસ કરવી

**વર્ષ ૨૦૦૯-૧૦માં મહિલા આયોગ માટે રૂ.૮૦.૦૦ લાખની જોગવાઈ કરાઈ છે.**

**સંપર્ક : સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય મહિલા આયોગની કચેરી, ગાંધીનગર**

**(મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર)**